# બાલ ઉત્સવ

વિદ્યાર્થીઓ માં રહેલી સર્જનાત્મક અને સુષુપ્ત શક્તિઓને બહાર લાવવી તેમજ પ્રત્યેક વિદ્યાર્થી એકબીજા સાથે પરસ્પર પરિચય કેળવે અને ભાવાત્મકતા કેળવાય તેવા અભિગમ અને ઉમદા હેતુથી બાલઉત્સવ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવે છે.

- ❖ હેતુઓઃ-
- વિદ્યાર્થીઓને પોતાના વિકાસની તક મળે.
- બૌદ્ધિક, શારીરિક, સર્વાંગિક વિકાસ થાય.
- ચારિત્ર્ય ઘડતરની તક મળે.
- નેતૃત્વ, પ્રમાણિકતા અને આજ્ઞાંકિતપણું વગેરે ગુણોનો વિકાસ થાય.
- વિદ્યાર્થી માં રસ, રુચિ કેળવી શકાય.
- શાળા અને ગુરુજનો તરફ આદર અને માન જાગે.
- વિદ્યાર્થીઓ માં શિસ્ત અને નિયમિતતા કેળવાય.
- વિદ્યાર્થીઓ માં રહેલી સુષુપ્ત શકિતઓ બહાર આવે.
- વિદ્યાર્થીઓ ના આત્મવિશ્વાસ માં વધારો થાય.
- સાહસવૃતિ અને ખડતલ પણુ કેળવાય.
- સ્વતંત્ર વિચારશકિત , સર્જનાત્મકશકિત , સાહિત્યિક શકિત, કલા, સૌંદર્યશકિતનો વિકાસ થાય.

## બાલ મેળા

1 થી 5 વર્ષ સુધીનું બાળક ગમતીલું હોય છે.

5 થી 15 વર્ષ સુધીનું બાળક રમતીલું હોય છે.

15 થી 25 વર્ષ સુધી તે મોજીલુ હોય છે. પણ 25 વર્ષ પછી તે દંભીલુ બનીને જીવે છે. કારણ કે આવા માણસને એના જીવનમાં એના મા-બાપ ધ્વારા સમય મળ્યો હોતો નથી, અપ્રદૂષિત પ્રેમ મળ્યો હોતો નથી અને બચપણમાં એને પરિકથા, કિશોરવસ્થામાં સાહસકથા – શોર્યકથા અને યુવાવસ્થામાં વિચારકથા – સંવેદનકથા પ્રાપ્ત થયા હોતા નથી! આવા પ્રત્યેક બાળક નું મૌન બોલતું હોય છે.મને સમય આપો, મને પ્રેમ આપો, મને પરીકથા આપો – હું તમને વિસ્મય આપીશ. હું તમને ડહાપણ આપીશ. પણ આપણા નાનાં-નાનાં ભુલકાઓના નસીબ માં આ સઘળું કયાં? સર્જનાત્મક અને રચનાત્મક એવો આનંદ કયાં? બસ ,આ બધુ વહેંચવા માટે આપણે શરુકર્યા ગામે ગામં બાળમેળાઓ,આ બાળ મેળાઓમાં 15 થી લઈને 33 જેટલી હાટડી ઓ લાગેલી હોય છે.જેમાં સૌ બાળકો આખોદિવસ કરે છે,કશુંક સર્જન કરે છે અને જાતે બનાવેલી વસ્તુઓ લઈને પૈસાદાર બનીને સાંજે ઘરે જાય છે.

અમને ઊંડી શ્રધ્ધા છે કે આ બાળમેળાઓ માં કદાચ એવું પણ બને કે સંગીતની હાટડી ઉપર ઢોલ વગાડતાં વગાડતાં બાળક પરમનો નાદ પણ સાંભળી લે... માટીના રમકડા બનાવતાં બાળક

પરમનો સ્પર્શ પણ કરી લે..... રંગરેખા ની હાટડી પર ચિત્ર ચિતરતાં ચિતરતાં બાળક પરમનાં દર્શન પણ કરી લે. હિંચકાની હાટ પર ઘૂઘરા વગાડતાં વગાડતાં રગંબેરંગી હિંચકાં પર હિંચતાં હિંચતાં બાળક વિરાટ ને હિંળોડે પણ હિંચી લે....

<u>બાલ ઉત્સવ ઉજવણી અંગેની પ્રવૃત્તિઓઃ-</u>

**વિભાગ-1 સર્જનાત્મક પ્રવૃત્તિઓ**

(1) સ્મરણ શક્તિ કસોટી

(2) સ્લોગન બનાવવા (પર્યાવરણ, વ્યસનમુક્તિ, રાષ્ટ્રીયએકતા, વસતિશિક્ષણ)

(3) કાવ્યપઠન

(4) પ્રશ્નમંચ, અંતાક્ષરી (શૈક્ષણિક)

(5) નિર્ધારિત સમયમર્યાદામાં આપેલ મૂળાક્ષર, પર વધુમાં વધુ કેટલા શબ્દ બનાવી શકાય ?

(6) વિવિધ પ્રકારના મોડેલ બનાવવા.

(7) પેપર કટિંગ કામ

(8) સુશોભન પ્રવૃત્તિઓ

(9) મહેંદી હરીફાઇ

(10) ઓરીગામી (કાગળ માંથી નમૂના તૈયાર કરવા)

(11) સ્વરચિત કાવ્ય પઠન

(12) મોક અભિનય

(13) રંગોળી

(14) ચિત્રકામ

(15) વેસ્ટમાંથી બેસ્ટ

(16) છાપકામ (ભીંડા વડે, આંગળી વડે, પાંદડાં, સિક્કા, બટાકા, કાગળના ડૂચા વડે)

વિભાગ -2 સંગીત

(1) લોકગીત

(2) ભજન

(3) સમૂહગીત

(4) હળવું કંઠ્ય સંગીત

(5) દેશભકિત ગીત

(6) શૌર્યગીત

(7) ભાવગીત

(8) લગ્નગીત

(9) કાવ્યગાન

(10) વાદ્યસંગીત (જલતરંગ, તબલા, હાર્મોનીયમ)

**નૃત્ય**

(1) લોકનૃત્ય

(2) નૃત્યનાટિકા

(3) બાળનૃત્ય

(4) ભવાઇ

(5) ગરબા

(6) નૃત્ય

(7) અભિનય ગીત

**વિભાગ -3 અભિનય કલા**

(1) નાટક

(2) મિમિક્રી

(3) એકપાત્રિય અભિનય

(4) વેશભૂષા

(5) જુદા-જુદા પ્રાણી-પક્ષીઓના અવાજ કાઢવા

(6) જુદા-જુદા રાજ્યો, દેશના લોકજીવન અંગેનું પ્રદર્શન તૈયાર કરવું.

(7) માઇમ

**વિભાગ-4 જાહેર સંભાષણ**

(1) જાતીય શિક્ષણ

(2) વિજ્ઞાન અને ટેકનોલોજી

(3) જળસંચય

(4) પર્યાવરણ

(5) મંગળ પર જીવન

(6) શીઘ્ર વક્તૃત્વ

- જો હું................. હોઉં તો

**વિભાગ-5 દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમો**

(1) સ્લાઇડ શો

(2) પાવર પોઇન્ટ પ્રેઝેન્ટેશન

(3) શૈક્ષણિક ફિલ્મો

(4) સ્પોર્ટસ ફિલ્મો

(5) બાલ ફિલ્મો

(6) સાયન્સ ફેર ફિલ્મ

(7) આકાશમંડળ ફિલ્મ

**ઓરીગામી** (છાપાની પસ્તીમાંથી બનાવી શકાય)

1. ટોપી
2. વાજુ
3. દેડકો
4. પક્ષી
5. હોડી
6. બોલ
7. ટોપલી
8. ફરકડી
9. ડબ્બો
10. બાસ્કેટ
11. વીંછી
12. હાથી
13. પતંગીયુ
14. રીંછ
15. તારો (સ્ટાર)
16. ગણપતિ
17. પક્ષી
18. જીવડું
19. ટિપાઇ
20. નળાકાર
21. ડબ્બો અને ઢાંકણ
22. વિમાન
23. રોકેટ
24. માછલી
25. બગલો
26. ચકલી
27. આગબોટ
28. જીવડું
29. રિક્ષા ખેંચતો મજુર

**હિંચકો**

1. ટાયર 2. દોરડું 3. ઓઢણી, જૂની સાડી
4. ઘંટડી 5. સેફ્ટી પીન 6. સૂતળી 7. ઘુઘરા

**મહેંદી**

1. મહેંદી 2. પાણી 3. વાસણ 4. પ્લાસ્ટીક
5. સેલોટેપ 6. કાતર 7. સોય 8. કપડું

**રંગોળી**

1. ચિરોળી કલર 2. ચોક 3. ચુનો 4. ગેરુ 5. લીંપણ

**તોરણકામ**

1. દોરી 2. સૂતળી 3. કાતર 4. લઇ( ચોંટાડવા)
5. પેપર-રંગીન કાગળ 6. સ્પ્રેવર્ક-ઓઇલવર્કનું રફવર્ક 7. કાપડાના ટુકડાં

માર્ગદર્શક સૂચનો

- શાળા કક્ષાએ એક દિવસ થી માંડી ત્રણ કે પાંચ દિવસના બાલઉત્સવ યોજી શકાય.
- શાળા કક્ષાથી માંડી રાજ્ય, દેશ કે વિશ્વકક્ષાના બાલઉત્સવ નું આયોજન કરી શકાય
- સંખ્યા 200 થી માડી-5000 બાળકોના બાલમેળા થઇ શકે.
- ઉંમર 10 થી 14 વર્ષ સુધીના બાળકો ભાગ લઇ શકે યુવાનો માર્ગદર્શકની ભૂમિકા ભજવે
- જરૂરી વસ્તુની યાદી બનાવવી, બાળકોની સંખ્યાને આધારે જથ્થો નક્કી કરવો.
- સ્ટોલની ફાળવણી કરવી-સ્ટોલમાં માર્ગદર્શન આપનાર શિક્ષકની તાલીમ કરવી
- ઓછામાં ઓછા 10 દિવસ પહેલા આયોજન કરી જવાબદારી વહેંચી બજેટ બનાવી ઉપયોગી વસ્તુ, સાધનો ક્યાંથી મેળવવાં ખરીદવા વગેરેનું આયોજન કરવું.
- બાળકોને ઓળખ કાર્ડ આપવું.
- પૂરતા પાણીની વ્યવસ્થા કરવી- કચરા માટે કચરા પેટી મુકવી સાથ સહયોગ મેળવવો.
- જરૂરી સાહિત્ય મેળવી અભ્યાસ કરવો.
- બાળકોને બપોરના ભોજન માટે કોઇ દાતા તરફથી ભોજનની વ્યવસ્થા મળે તે ઉત્તમ નહી તો ટીફીન મંગાવવું.
- બાળકોને સમૂહમાં નાસ્તો પણ આપી શકાય.

## પ્રવૃતિ

1. રમત ગમત
2. ગ્રેટીંગકાર્ડ
3 ઓરીગામી
4 ચિત્રકામ
5 માટીકામ
6 પેપરકટીંગ
7 તોરણકામ
8 રમકડાં
9 વિજ્ઞાન ના પ્રયોગો
10 જાદુના ખેલ
11 હિંચકો
12 પપેટ શો
13 મહેંદી
14 નાકની લંબાઇ
15 વજન કરવું
16. સામાન્યજ્ઞાન
17. શ્રમ
18. સંકલ્પ વૃક્ષ
19. આરોગ્ય
20. બાંધણીકામ
21. કાપડની કતરણસમાંથી રમકડાં
22. કોડિયાં
23. રંગોળી
24. ગીત
25. વાર્તા
26. રેતીકામ
27. કોલાજ
28. બ્લોટપેઇન્ટિંગ
29. છાપકામ
30. હાસ્ય વિભાગ

(8) રેતીકામ

ગુંદર,લાકડાનો વ્હેર, પાણી, કાગળ, રેતી, ચોખા, કઠોળ, રાઇ, અજમો, ચણોઠી પેન્સિલ, રંગ, કપડાની કતરણ, રૂ વગેરે.

(9) લીંબુકામ

મીણબતી, લીંબુ, રંગ, દિવાસળી પેટી, વાટકી, કાગળ, પેન્સિલ

(10) ફૂલકામ

દબાવી, સૂકવી રાખેલા પાંદડા, ફૂલ, ડાળી, ગુંદર, પેન્સિલ

(11) કતરણકામ

કપડાંની કતરણ તથા ઉનનાં દોરાની કતરણ, કાતર, પેન્સિલ, ગુંદર, કાર્ડપેપર

(12) બ્લોટ પેઇન્ટીંગ

પેસ્ટ કલર, વાટકી, કાગળ

(13) ફૂંકકામ

રંગ, પાણી, સ્ટ્રો, કાગળ

<u>રમકડાં</u>

1. બાય બાય ટાટા

રીલ (કોકડી) જાડોકાગળ, કાતર, દોરો, ગુંદર

2. ટકટકીયું.

ખીલી, દોરો (જાડો), કાતર, બટન, રબ્બર

3. ઢોલક

કાંઠલા, પેપર માવો, કાગળ, ખાલી ડબ્બા, લઇ (ચોટાડવા)

4. ઢિંગલી-માંછલી

કપડાંનાં ટૂકડા, કતરણ, મોતી, સોય દોરો, કાતર, સ્કેચપેન

5. મંજીરા

ખિલા, ખિલી, હથોડી, વાયરના ટુકડા

6. એક્સરે ફૂલદાની

વપરાયેલી એક્સરે સીટ, થર્મોકોલ, કાતર

7. ફ્લાવર વાઝ

બાજરીનાં ડુંડા, સાવરણીની સળીયો, કુદરતી વસ્તુઓ

8. ડુગડુગીયું.

નાના ડબ્બા, ખીલ્લા, ઓઇલનું રફવર્ક, દોરો, પથ્થર, ગુંદર

## ચિત્રકામ

1. પેન્સિલ વર્ક 2. સ્કેચપેન 3. ક્રેયોન કલર 4. પેસ્ટ કલર 5. પીંછી
6. ચિત્રકામના કાગળ 7. વિવિધ ઘાટી પેન્સિલો (4B, 5B, 6B) 8. ફૂટપટ્ટી

## સામાન્યજ્ઞાન

1. સામાન્યજ્ઞાનની ચોપડી 2. છાપાં 3. મેગેઝીન

## શ્રમ

1. કોદાળી 2. પાવડા 3. બખડીયાં (ટોકર) 4. કામનું આયોજન 5. સાવરણા
6. કચરાપેટી 7. દાતરડાં 8. સીકેચર 9. ધારીયા

## જાદુ

1. જાદુ ના પુસ્તકો 2. ટેબલ 3. પડદો 4. સ્ટેજ 5. જાદુના પ્રયોગ અંગેના સાધનો

## વજન

1. વજન કાંટો 2. કાગળ 3. પેન

## શબ્દરમત

1. બોર્ડ 2. ડસ્ટર 3. ચોક 4. કાગળ 5. પેન્સિલ

## નાટક

1. નાટકની સ્ક્રીપટ 2. નાટક માટેના પ્રયોગો 3. નાટકને અનુરૂપ વિવિધ કપડાં

4. સંગીતના સાધનો 5. મેકઅપનો સામાન 6. સિદ્ધ નાટકની સ્ક્રીપટ

## પેપર કટીંગ

કાતર, પેપર કટર, જુના છાપા, મેગેઝીન, કાર્ડ પેપર, કાગળ, પૂંઠા, ફેવીકોલ

## આરોગ્ય

1. સુટેવો

* વહેલા ઉઠવું * કસરત કરવી * સંડાસ ગયા પછી સાબુથી હાથ ધોવા
* દરરોજ નાહવું. * વાળ સ્વચ્છ તેમજ ઓળેલા રાખવા * નખ કાપવા
* જમતા પહેલા હાથપગ ધોવા * આંખો ઠંડા પાણીથી સાફ કરવી
* કાન સાફ કરવા * સૂતી વખતે હાત પગ ધોવા * યોગસન અને પ્રાણાયામ

2. શિક્ષણ

- શરીર રચના - સાપસીડી રમત દ્વારા - પોસ્ટર - પ્રદર્શન

3. ચેકઅપ સાધનો

- ડૉક્ટર નો સંપર્ક સાધવો

4. સારવાર

- ફર્સ્ટ એઇડ બોક્સ - બ્લડગ્રૂપ ચેકીંગ - આંખની તપાસ -પ્રાથમિક સારવાર તાલીમ

5. રસીકરણ

- પોલીયો વગેરે માં પ્રચાર કાર્યમાં મદદરૂપ થવું.

## નાકની લંબાઇ

1. ફૂટપટ્ટી 2. કાગળ 3. પેન

## વેશભૂષા

1. છાપાં, જુની પસ્તી 2. પીન- ટાંકણી 3. સ્ટેપલર 4. મેકઅપનો સામાન પાંચ કે છ સેટમાં.

## સંગીત

1. ઢોલક 2. ખંજરી 3. મંજીરા 4. દાંડિયા 5. ઘૂંઘરુ 6. બ્યુગલ 7. શંખ
8. ડમરૂ 9. હાથાવાળા ઘૂઘરા 10. વાટકી-પાણી 11. પાઇપ નાની-મોટી 12. દાતણ
13. પથ્થર 14. જલતરંગ 15. હાર્મોનીયમ 16. વાસળી 17. ઘુઘરા

## ભરત ગૂંથણ

1. સોય 2. રંગબે રંગી દોરાઓ 3. રીંગ (લાકડાની ફ્રેમ) 4. કાગળ 5. ઉન

## માટીકામ

- કુંભારે કમાવેલી કાળી માટી - ગધેડા ની લાદ - ચણોઠી
- માટીના રંગ - અનાજના દાણા - ફેવીકોલ

## કાપડની કતરણ માંથી રમકડા

- કાપડની કતરણ - કાતર -સોય,દોરો - કાપડના ટૂકડા(વિવિધ રંગના)
- સોનેરી રૂપેરી ટિક્કા - સ્કેચ પેન - ફેવીકોલ

## કોડિયા સુશોભન

- માટી ના કોડિયા - કલર (ઓઇલ કલર) - ફેવીકોલ - પીંછી

## પપેટ શો

- વિવિધ પ્રકારના પપેટ - સંગીતના સાધનો - પડદો - દોરી - નાટકની સ્ક્રીપ્ટ

6. પાણી નો બરફ બનાવવો

ઈથર, કસનળી, રબ્બર ની નળી,25 મિલિ નું બીકર

7. હવા જગા રોકે છે

પાણી થી ભરેલું બીકર,લાકડા નો બૂચ, ખાલી ગ્લાસ

8.સફરજન નું વજન ત્રાજવા વગર

અંકિત નળાકાર, સફરજન, પાણી

9. હવા ને વજન છે.

40-50 સે.મી. પાતળી સળી, દોરી, ફુગ્ગા

## જીવન કૌશલ્ય આધારિત પ્રવૃતિઓ

### કૌશલ્ય

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1. | સાયકલ રીપેરીંગ | 13. | સ્ક્રીન પ્રિન્ટીંગ | 25. | ન્યુઝ કલેક્શન |
| 2. | ઈલેક્ટ્રીક ફીટીંગ | 14. | વાંસકામ | 26. | પર્ણ-પીંછા સંગ્રહ |
| 3. | સુથારી કામ | 15. | ગુબ્બારા બનાવવા | 27. | ચોક, મીણબત્તી,દંતમંજનબનાવવા |
| 4. | લુહારી કામ | 16. | ઓરીગામી | 28. | કચરા માંથી કંચન |
| 5. | મોચી કામ | 17. | કાર્ડ બનાવવા | 29. | વર્કીંગ મોડેલ |
| 6. | દરજી કામ | 18. | પ્રદર્શન બનાવવું | 30. | તરવું |
| 7. | ઘડિયાલ રીપેરીંગ | 19. | વેસ્ટ માંથી બેસ્ટ | 31. | સંગીતના સાધનો વગાડવાં |
| 8. | પ્લમબર | 20. | રંગોળી | 32. | ઘોડે સવારી |
| 9. | કડિયાકામ | 21. | નીટીંગ/ મહેંદી / કેશ ગુંથન | 33. | વિવિધ રમતો મા સિધ્ધિ |
| 10. | વણાટકામ | 22. | યાદપૂર્તિ | 34. | ડ્રાઈવિંગ |
| 11. | સોનીકામ | 23. | માટીકામ | 35. | ઓટો રીપેરીંગ |
| 12. | કુંભારીકામ | 24. | પપેટ બનાવવા | 36. | ગરબા-નૃત્ય |
| | | | | 37. | ચિત્રકામ |

### પ્રવાસ

1. દરિયો
2. પાટણ
3. મોઢેરા

### પર્યાવરણ

1. વૃક્ષારોપણ
2. વૃક્ષ સંર્વધન
3. વનસ્પતિ પરિચય

| | | | |
|---|---|---|---|
| 31 | શબ્દરમત | 36. | પપેટ સર્જન |
| 32 | નાટક | 37. | નાસ્તા વિભાગ |
| 33 | વેશભૂષા | 38. | નિશાન બાજી |
| 34 | સંગીત (નૃત્ય) | 39. | ડમી બેંક |
| 35 | ભરતગૂંથણ | 40. | ચોકસ્ટીક બનાવવા |

<u>રમત-ગમત</u>

**સાધન વિનાની રમતો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| (1) | કેટલા રે કેટલા | (2) | રામ-રાવણ | (3) | રેલ્વેનો ડબ્બો |
| (4) | વિજય પથ | (5) | ફૂંક-દોરી-કોન | (6) | સળીફૂગ્ગો |
| (7) | પૂછડી તોડ | (8) | સંગીત ખુરશી | (9) | ટોપી પકડ |
| (10) | દોરડા ખેંચ | (11) | ચોકલેટખાઉં | (12) | કેપટન. કેપટન. સ્ટાઇલ બદલ |
| (13) | ટેલિફોન | (14) | મછલી પકડ | | |

**વિવિધ પ્રકારના ગ્રીટિંગ કાર્ડ**

**(1) સ્પ્રેકામ**

જુના બ્રશ, કાગળ, પાંદડાં, ફૂલ, (સૂકવેલા), સ્પ્રેકામનાં રંગ, ચારણી, પાણી, વાટકીઓ, પસ્તી (છાપાની), કાગળના કટીંગ

**(2) ઓઇલકામ**

ઓઇલ રંગ, વાંસની પાતળી સળી, ટોકર (તબડકાં), પસ્તી, કપડાંનો કટકો, કાગળ (પોસ્ટકાર્ડ સાઇઝના કાપેલા કાગળ), પાણી

**(3) દોરીકામ**

સ્પ્રેકામનાં રંગો, કાગળ, કાગળ દબાવવા જાડી નોટબુક, મીણની દોરી- પાણી, પસ્તી, વાટકી

**(4) ભરતકામ**

રંગીન રેશમી આંટી, કાણાંપાડવા માટેનું ડ્રીલ, સોય, પેન્સિલ, રબ્બર, કાર્ડપેપર, કાતર

**(5) કોલાજ**

રંગીન પસ્તી, ગુંદર, મીણીયા કલર, કાર્ડ પેપર, પેન્સિલ, વાટકી

**(6) મીણ કામ**

મીણ, પેન્સિલ, રબ્બર, મીણીયા કલર, બ્રશ, વાટકી, કાગળ, દાતણ, રંગ

**(7) છાપકામ**

ભીંડા, ડુંગળી, બટેટા, સિક્કા, ચપ્પુ, પાણી, વાટકી, રંગ, કાગળ